**અમદાવાદના મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૫, અમદાવાદ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. 25587-23**
**આંક.............**

**ફરીયાદીઃ-  શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃ-**

**ગુનોઃ-  ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી),૮૫(૧)(૩) મુજબ..**

**<u>ચુ કા દો</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ- ૬૬(૧)(બી),૮૫(૧)(૩) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલું છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપી વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપીએ સદરહું ગુનાના કામે કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છૂટક મજૂરી કામ કરે છે અને મજૂરી પણ રોજ મળતી નથી. જેથી તેઓ પોતાનું તેમજ કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલો છે. અમોએ દારૂ પીધેલી હાલતમાં કોઈ ઉપદ્રવ કરેPલો નથી, ઝઘડો કરેલો  નથી, અસભ્ય વર્તન કરેલું નથી, અશિસ્ત ભાષા વાપરેલી નથી કે મારામારી કરેલી નથી અને આ મુજબનો અમારી ઉપર આક્ષેપ પણ નથી. ચાર્જના કોલમ નં-૫ માં જણાવ્યા મુજબ વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં છાકટા બની લથ્થડીયાં ખાતા મળી આવેલાનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગારી પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન

અમારે અવાર નવાર આવવાની જરૂરી પડે. ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરિયાત રહે અને અમોને ક્યારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય, જે તમામ હકીકતો ધ્યાને લઈ તથા આ અમારો પ્રથમ ગુનો હોય અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલી છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતાં વગર પાસ પરમીટે છાકટા બની લથ્થડીયાં ખાતા હોવા સંદર્ભનો આક્ષેપ આરોપી વિરૂદ્દધ છે. આરોપી વિરૂદ્દધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે, દારૂ પીધેલી હાલતમાં કોઈની સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારામારી કરેલી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી ડૉક્ટર સાહેદ અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરો કરવાની સંભાવના શક્ય નથી. આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસૂરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે, તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદુપયોગ કરી શકાય તેમ હોય, તેમજ આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્દધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૨૪૧ અન્વયે

તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૬(૧)(બી),૮૫(૧)(૩) વિગેરે મુજબના ગુના બદલ દરેક આરોપીએ **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.100/-** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન- ૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગ્સમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(Code No. GJ01124)

અમદાવાદ.
તા. ૯/૧૨/૨૦૨૩